# સિલ્વર જ્યુબિલી ઉજવણી અંર્તગત પ્લાન્ટ પ્રોટેકશન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી) અને નાહેપ-કાસ્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સયુંકત ઉપક્રમે "પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન" વિષય પર એક દિવસીય રાજ્ય કક્ષાનો પરિસંવાદ યોજાયો

---

પ્લાન્ટ પ્રોટેકશન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી) અને સેન્ટર ફોર એગ્રીકલ્ચરલ માર્કેટ ઈન્ટેલીજન્સ, નાહેપ કાસ્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સયુક્ત ઉપક્રમે સિલ્વર જ્યુબિલી ઉજવણી અંર્તગત તા. ૩૦/૦૯/૨૦૨૩ના રોજ "પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન: સમસ્યા અને સમાધાન" વિષય પર એક દિવસીય રાજ્યકક્ષાના પરિસંવાદનું આયોજન માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં કુલ ૫૦૦ જેટલા ખેડૂતો, અધિકારીશ્રીઓ, કૃષિ વૈજ્ઞાનિકો, વિસ્તરણ કાર્યકરો તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.

આ પરિસંવાદના ઉદ્‌ઘાટક અને અધ્યક્ષશ્રી ડૉ. કે. બી. કથીરીયા, કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદએ રાસાયણીક ખાતરો અને જંતુનાશકોના બહોળા ઉપયોગથી પર્યાવરણ અને મનુષ્યના સ્વાસ્થય પર થતી માઠી અસરો પર ધ્યાન દોરતા જણાવ્યું કે આ સમસ્યાના નિરાકરણ અર્થે પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપનને પર્યાવરણ સુગ્રાહી બનાવવા પર ભાર આપવો જોઈએ. પરિસંવાદના મુખ્ય મહેમાન ડૉ. ઝેડ. પી. પટેલ, કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીએ પાક સંરક્ષણ અંગેના વિવિધ ઘટકોની વિસ્તૃત માહિતી આપેલ તે અંગે ખેડૂત સમુદાયમાં જાગૃતતા લાવવા પ્રતિબદ્ધ રહેવા જણાવેલ. વધુમાં તેમણે ભારપૂર્વક જણાવેલ કે જ્યારે જ્યારે નવી વિદેશી જીવાતના ઉપદ્રવ વખતે વૈજ્ઞાનિકોએ તાત્કાલિક ધોરણે એડ-હોક (કામચલાઉ) ભલામણ પણ આપવી જોઈએ.

આ કાર્યક્રમનાં અતિથિ વિશેષ અને પીપીએજીના સ્થાપક, ડૉ. જે. આર. પટેલે જણાવેલ કે આજના યુગમાં જંતુનાશકોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ કારણ કે આમ ના કરવાથી પેદાશના મૂલ્ય અને પર્યાવરણ પર માઠી અસર પહોંચે છે. તેમજ વૈજ્ઞાનિકોને ખેડૂતોના ખેતરના રોગજીવાતના પ્રશ્નોને અનુરૂપ અખતરાઓ લેવા માટે આહવાન કર્યું હતું. અતિથિ વિશેષ અને સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ, ડૉ. એમ. કે. ઝાલાએ તેમના ઉદબોધનમાં અત્રેની યુનિવર્સિટી દ્વારા થયેલ વિવિધ સંશોધનો ખેડૂત સમુદાયને પાક સંરક્ષણ તેમજ બજાર વ્યવસ્થાપન

ક્ષેત્રે આવતા પડકારો અને સમસ્યાને હલ કરવામાં સહાયરૂપ થશે. આ ઉપરાંત જંતુનાશક દવાઓનો વપરાશ ઘટાડવા અર્થે ખેડૂતો દ્વારા કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધિત રોગ-જીવાતો સામે પ્રતિકારક્તા ધરાવતી જાતોનું વાવેતર કરવું જોઈએ.

આ પરિસંવાદમાં હાજર તમામ અતિથિ તેમજ સહભાગીઓનું શાબ્દીક સ્વાગત પીપીએજીના ઝોનલ કો-ઓર્ડીનેટરશ્રી, ડૉ. ડી. બી. સિસોદીયાએ કરેલ જ્યારે ડૉ. જે. જી. પટેલ, પ્રમુખશ્રી, પીપીએજીએ આ પરિસંવાદનું મહત્વ જણાવી પીપીએજી મંડળનો કૃષિ અને પાક સંરક્ષણ ક્ષેત્રે યોગદાન વિષે સૌને અવગત કર્યા. ડૉ. આર. એસ. પુડીર, પ્રીન્સીપાલ ઇન્વેસ્ટીગેટર, નાહેપ, આકૃયુ, આણંદએ માર્કેટ ઈન્ટેલીજન્સ ઉપર માહિતી આપી હતી. પરિસંવાદમા ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયું, ડૉ. વાય. એમ. શુક્લ, આચાર્ય, યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, નિવૃત કૃષિ વૈજ્ઞાનિકો અને અન્ય મહનુભાવોએ પણ હાજરી આપેલ.

પરિસંવાદમાં તાંત્રિક વ્યાખ્યાનો પણ રજુ કરવામા આવ્યા હતા. જેમાં નિવૃત વૈજ્ઞાનિકશ્રી ડૉ. પી. જી. શાહે ખેતપેદાશોમાં જંતુનાશકોના અવશેષોથી થતા પર્યાવરણ અને સ્વાસ્થયને થતી હાની, નિકાસ બજાર વ્યવસ્થાપનમાં જંતુનાશકોના અવશેષોથી થતી સમસ્યા અને તેનું નિવારણ વિષે માર્ગદર્શન આપેલ હતું. શ્રી મૃણાલ શર્મા, મદદનીશ નિયામક, કેન્દ્રીય સંકલિત જીવાત વ્યવસ્થાપન પ્રબંધન કેન્દ્ર, વડોદરાએ કૃષિ ઉત્પાદનમાં પાકની કાપણી પહેલા અને બાદ પાક સંરક્ષણને સબંધિત સમસ્યાઓના હાલ માટે વિવિધ પાક સંરક્ષણ પગલાઓની આસરકારકતા પર માહિતી આપેલ. ફાર્મ ઉત્પાદક સંગઠન, બોરીયાવીના શ્રી દેવેશ પટેલ દ્વારા સક્રિય સભ્યો અને પ્રગતિશીલ ખેડૂતોને કેન્દ્ર સરકાર પ્રોત્સાહિત ‘ફાર્મ ઉત્પાદક સંગઠન યોજના’થી ખેડૂતોને બજાર વ્યવસ્થાપનમાં સ્થાન તથા તેઓના હિતોની જાળવણીમાં સંગઠનની સક્ષમતાની માહિતી આપી આ પ્રકારના સંગઠન ઉભા કરવા પ્રેરિત કરેલ.

આ પરિસંવાદનું સમગ્ર સંચાલન ડૉ. બી. એચ. પટેલ, મહામંત્રી, પીપીએજી; ડૉ. નૈનેશ બી. પટેલ, ખજાનચી, પીપીએજી; ડૉ. ડી. બી. સિસોદીયા, ઝોનલ કોઓર્ડીનેટર, પીપીએજી અને સહ ઝોનલ કોઓર્ડીનેટર, ડૉ. એ. એચ. બારડ દ્વારા કરવામાં આવ્યું હતુ. ડૉ. મિરલ સુથાર અને શ્રીમતી અંજના પ્રજાપતિ કાર્યક્રમના ઉદ્ ઘોષક રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં ડૉ. વાય. એ. લાડ, ઓર્ગેનાઇજિંગ સેક્રેટરી અને સહ પ્રાધ્યાપક દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યકત કર્યો હતો.




પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
"સિલ્વર જ્યુબિલી" ઉજવણી અંતર્ગત આયોજીત રાજ્ય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન"
આયોજકો
સેન્ટર ફોર એગ્રીકલ્ચર માર્કેટ ઇન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)


પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન"


N HEP
MILLETS
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
"સિલ્વર જ્યુબિલી" ઉજવણી અંતર્ગત આયોજીત રાજ્ય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન
આયોજકો
સેન્ટર ફોર એગ્રીકલ્ચર માર્કેટ ઇન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
તા. ૩૦-૦૯-૨૦૨૩, શનિવાર
સ્થળ : ઓડિટોરીયમ , બીએસીએ, આકૃયુ, આ


પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન"
તા. ૩૦-૦૯-૨૦૨૩, શનિવાર


NAHEP
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
"સિલ્વર જ્યુબિલી" ઉજવણી અંતર્ગત આયોજીત રાજ્ય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન"
આયોજકો
સેન્ટર ફોર એગ્રીકલ્ચર માર્કેટ ઇન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
તા. ૩૦-૦૯-૨૦૨૩, શનિવાર
સ્થળ : ઓડીટોરીયમ , બીએસીએ, આકૃયુ, આણંદ


MILLETS
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત
"સિલ્વર જ્યુબિલી" ઉજવણી અંતર્ગત આયોજીત રાજ્ય કક્ષાનો એક દિવસ
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમ
આયોજકો
સેન્ટર ફોર એગ્રીકલ્ચર માર્કેટ ઇન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ, આણંદ કૃષિ
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએ
તા. ૩૦-૦૯-૨૦૨૩, શનિવાર
સ્થળ :


AAU
MILLETS
આયોજકો
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
તા. 30-09-2023, શનિવાર


AAU
G20
MILLETS
2023
NAHEP
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
"સિલ્વર જ્યુબિલી" ઉજવણી અંતર્ગત આયોજીત રાજ્ય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન"
આયોજકો
સ્થળ : ઓડીટોરીયમ , બીએસીએ, આકૃયુ, આણંદ


"પાક સંરક્ષ
તા. 30-09-2023, શનિવાર


પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત
"સિલ્વર જ્યુબિલી" ઉજવણી અંતર્ગત આયોજીત રાજ્ય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ
અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન"
આયોજકો
એગ્રીકલ્ચર માર્કેટ ઈન્ટેલીજન્સ, નાહેપ-કાસ્ટ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
સ્થળ : ઓડીટોરીયમ, બીએસીએ, આકૃયુ,






N HEP
MILLETS
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
એક દિવસીય પરિસંવાદ
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન"
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
ગુજરાત (પીપીએજી)
સ્થળ : ઓડીટોરીયમ , બીએસીએ, આકૃયુ,


N HEP
MILLETS
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત આયોજીત રાજ્ય કક્ષાનો એક દિવસીય પરિસંવાદ


પ્લાન્ટ પ્રોટેક્શન એસોસીએશન ઓફ ગુજરાત (પીપીએજી)
"પાક સંરક્ષણ અને બજાર વ્યવસ્થાપન : સમસ્યા અને સમાધાન"
તા. ૩૦-૦૯-૨૦૨૩, શનિવાર
BASF
MILLETS



*****